સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

# ICE CURRENT NEWS

YouTube ICE RAJKOT




ICE CURRENT NEWS WEEK 49નો વીડિયો જોવા માટે અહીં CLICK કરો

ICE RAJKOT SUBSCRIBE

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.

**સંપાદક**
**મૌલિક ગોંધિયા**
(Director - ICE)

[DEC-2019]
[01/12 to 07/12]

# WEEK-49

## CURRENT TOPIC

- ઔદ્યોગિક હેતુસરના ભારતના સૌપ્રથમ 100 MLD ક્ષમતાના ડિસેલીનેશન પ્લાન્ટનું ગુજરાતના દહેજમાં ભૂમિપૂજન
- GLOBAL DIPLOMACY INDEX 2019માં ભારત 12મા ક્રમે
- 'SPG (સંશોધન) બિલ, 2019' ભારતની સંસદમાં પસાર
- મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશન FSSAI દ્વારા પ્રમાણપત્ર મેળવનાર ભારતનું પ્રથમ 'ઈટ રાઈટ સ્ટેશન' બન્યું
- ભારતના પ્રથમ કોર્પોરેટ Bond ETF 'BHARAT Bond ETF'ને કેબિનેટની મંજૂરી


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

## 1 DECEMBER, 2019 SUNDAY

### ➤ દિવસ મહિમા : 1 ડિસેમ્બર, વિશ્વ એઈડ્સ દિવસ

એઈડ્સ અંગે જાગૃતિ લાવવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 1 ડિસેમ્બરના રોજ વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી કરવામાં આવે છે.



- વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણીનો પ્રારંભ 1988થી થયો હતો.
- વિશ્વ એઈડ્સ દિવસનો સિમ્બોલ 'રેડ રિબિન' છે.
- લાલ રિબિન HIV પોઝિટીવ તથા એઈડ્સ ધરાવતા લોકો સાથે એકતા માટેનું વૈશ્વિક પ્રતિક છે.
- AIDSનું પૂરૂં નામ 'Acquired Immune Deficiency Syndrome' છે.
- આ રોગ HIVનો ચેપ લાગવાથી થાય છે.
- HIVનું પૂરૂં નામ 'Human Immunodefficiency Virus' છે.

**નોંધ :** (1) વર્ષ 2019ની વિશ્વ એઈડ્સ દિવસની થીમ 'Communities make the difference' છે.

(2) વર્ષ 2018ની વિશ્વ એઈડ્સ દિવસની થીમ 'Know your status' છે.

(3) વર્ષ 2017ની વિશ્વ એઈડ્સ દિવસની થીમ 'My Health, My Right' હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ ઔદ્યોગિક હેતુસરના ભારતના સૌપ્રથમ 100 MLD ક્ષમતાના ડિસેલીનેશન પ્લાન્ટનું ગુજરાતના દહેજમાં ભૂમિપૂજન

30 નવેમ્બર 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ભરૂચ જિલ્લાના દહેજ ખાતે નિર્માણ પામનાર ઔદ્યોગિક હેતુસરના ભારતના પ્રથમ 100 MLD ક્ષમતાના ડિસેલીનેશન પ્લાન્ટનું ભૂમિપૂજન કર્યું છે.



- અંદાજે રૂ. 881 કરોડના ખર્ચે નિર્માણ પામનાર આ ડિસેલીનેશન પ્લાન્ટ દ્વારા સમુદ્રના ખારા પાણીને શુદ્ધ કરીને ઔદ્યોગિક હેતુસર તેનો ઉપયોગ કરવામાં આવશે.
- આ ડિસેલીનેશન પ્લાન્ટ મારફત ઉપલબ્ધ થનાર પાણીની ગુણવત્તા નર્મદા નદીના પાણીની ગુણવત્તાને અનુરૂપ હશે.

**નોંધ :** (1) ભારતમાં તમિલનાડુ બાદ ગુજરાત એકમાત્ર એવું રાજ્ય છે કે જ્યાં દરિયાના ખારા પાણીને મીઠું બનાવવાનો પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે.

(2) દહેજ ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં આવેલું છે.

## ➤ શ્રી તેજિન્દર પાલ સિંઘ તૂર સાઉથ એશિયન ગેમ્સ 2019માં ભારતના ધ્વજવાહક બનશે



1થી 10 ડિસેમ્બર, 2019 દરમિયાન નેપાળના ત્રણ શહેરો કાઠમંડુ, પોખારા અને જનકપુરધામમાં 13મી સાઉથ એશિયન ગેમ્સ 2019 યોજાશે.

- જેમાં નેપાળના કાઠમંડુ ખાતે 1 ડિસેમ્બર 2019ના રોજ યોજાનાર આ ગેમ્સની ઓપનિંગ સેરેમનીમાં ભારતના ધ્વજવાહક તરીકે શ્રી તેજિન્દર પાલ સિંઘ તૂરની પસંદગી કરવામાં આવી છે.
- શ્રી તેજિન્દર પાલ સિંઘ તૂર ભારતના પ્રસિદ્ધ ગોળા ફેંક (Shot Put) ખેલાડી છે.
- તેમણે કતારના દોહા ખાતે યોજાયેલ એશિયન ચેમ્પિયનશિપ 2019માં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- આ અગાઉ 2018માં ઈન્ડોનેશિયાના જકાર્તા અને પાલેમ્બંગમાં યોજાયેલ એશિયન ગેમ્સ 2018માં પણ તેમણે ગોલ્ડ મેડલ જીત્યો હતો.

**નોંધ :** શ્રી તેજિન્દર પાલ સિંઘ તૂર પંજાબના ગોળા ફેંક ખેલાડી છે. તેમનો જન્મ 13 નવેમ્બર 1994ના રોજ પંજાબના મોગા જિલ્લાના ખોસા પાન્ડો નામના ગામમાં થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EX

અમને વિશ્વાસ છે અમારી ખાસ તાલીમ આપને ઓફિસર બનાવશે

Prelims + Mains બન્નેની સમાંતર તૈયારી

1200 + પ્રશ્નોની મોક પ્રેક્ટીસ

દરેક વિષયની ઊંડાણપૂર્વક અને વિસ્તૃત તૈયારી

કરંટ અફેર્સ સાથે સામાન્ય અભ્યાસને જોડીને વિશ્લેષણાત્મક સમજ

UPSC લેવલની Detail Study

STI/P.I.
પ્રિલિમ્સ
ફ્રી ટ્રાયલ લેક્ચર
12/12/19
સવારે / સાંજે
રાજકોટ

www.iceonline.in
t.me/icerajkotofficial
icerajkot

રજિસ્ટ્રેશન ફરજિયાત
93757-01110 / 93280-01110

## ➤ કેન્દ્રીય મંત્રી શ્રી સંતોષ ગંગવાર દ્વારા 'પેન્શન સપ્તાહ'નો પ્રારંભ



ભારત સરકારના **શ્રમ અને રોજગાર મંત્રાલય** દ્વારા 30 નવેમ્બરથી 6 ડિસેમ્બર 2019 દરમિયાન ભારતમાં **'પેન્શન સપ્તાહ'**નું આયોજન કરવામાં આવ્યું છે.

- ભારતમાં **'પ્રધાનમંત્રી શ્રમ યોગી માનધન' (PMSYM) યોજના** અને વ્યાપારીઓ તથા સ્વરોજગાર કરતા વ્યક્તિઓ માટેની **'રાષ્ટ્રીય પેન્શન યોજના' (NPS - Traders)** અંતર્ગત વધુને વધુ વ્યક્તિઓનું નામાંકન થાય તે માટે અભિયાન ચલાવવા આ 'પેન્શન સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે.
- આ અંતર્ગત 30 નવેમ્બર, 2019ના રોજ કેન્દ્રીય શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) **શ્રી સંતોષ ગંગવારે** આ સપ્તાહનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

### ICE ? Questions

1. 'વિશ્વ એઈડ્સ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 31 ડિસેમ્બર (B) 30 ડિસેમ્બર (C) 1 ડિસેમ્બર (D) 30 નવેમ્બર — **(C)**

2. વર્ષ 2019ના 'વિશ્વ એઈડ્સ દિવસ'ની થીમ શું છે ?
(A) Close the gap (B) Know your Status
(C) My Health, My Right (D) Communities make the difference — **(D)**

3. ઔદ્યોગિક હેતુસરના ભારતના સૌપ્રથમ 100 MLD ક્ષમતાના દરિયાના ખારા પાણીને શુદ્ધ બનાવવાના પ્લાન્ટનું અથવા તો ડિસેલીનેશન પ્લાન્ટનું ભારતના કયા રાજ્યમાં ભૂમિપૂજન થયું છે ?
(A) તમિલનાડુ (B) કેરળ (C) ગુજરાત (D) મહારાષ્ટ્ર — **(C)**

4. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં કઈ જગ્યાએ સ્થપાનાર ઔદ્યોગિક હેતુસરના ભારતના પ્રથમ 100 MLD ક્ષમતાના ડિસેલીનેશન પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કર્યું છે ?
(A) ધોલેરા (B) અલંગ (C) કંડલા (D) દહેજ — **(D)**

5. 13મી સાઉથ એશિયન ગેમ્સ 2019 ક્યાં યોજાશે ?
(A) કાઠમંડુ, નેપાળ (B) પોખારા, નેપાળ
(C) જનકપુરધામ, નેપાળ (D) ઉપરોક્ત ત્રણેય — **(D)**

6. 13મી સાઉથ એશિયન ગેમ્સ 2019ની ઓપનિંગ સેરેમનીમાં ભારતના ધ્વજવાહક તરીકે કોની પસંદગી કરવામાં આવી છે ?
(A) શ્રી તેજિન્દર પાલ સિંઘ તૂર (B) શ્રી વિજેન્દર સિંઘ
(C) સુશ્રી હિમા દાસ (D) સુશ્રી વિનેશ ફોગટ — **(A)**

7. શ્રી તેજિન્દર પાલ સિંઘ તૂર કઈ રમત સાથે સંકળાયેલા છે ?
(A) હોકી (B) બોક્સિંગ (C) ગોળાફેંક (D) રેસલિંગ — **(C)**

8. શ્રી તેજિન્દર પાલ સિંઘ તૂર કયા રાજ્યના ખેલાડી છે ?
(A) હરિયાણા (B) પંજાબ (C) દિલ્હી (D) હિમાચલપ્રદેશ — **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

9. ભારતમાં કયા સમય દરમિયાન 'પેન્શન સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી છે ?
(A) 30 નવેમ્બરથી 6 ડિસેમ્બર 2019 (B) 1 ડિસેમ્બરથી 7 ડિસેમ્બર 2019
(C) 2 ડિસેમ્બરથી 8 ડિસેમ્બર 2019 (D) 3 ડિસેમ્બરથી 9 ડિસેમ્બર 2019 **(A)**

## 2 DECEMBER, 2019 MONDAY

## ➤ દિવસ મહિમા : 2 ડિસેમ્બર, (1) રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણ દિન (National Pollution Control Day)
## (2) ગુલામી નાબૂદી માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ (International Day for the Abolition of Slavery)

### રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણ દિન

ભારતમાં દર વર્ષે 2 ડિસેમ્બરના રોજ 'રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણ દિન'ની ઉજવણી કરવામાં આવે છે.




- ભારતમાં ભોપાલ ગેસ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોની યાદમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ભારતમાં મધ્યપ્રદેશના ભોપાલમાં 2 અને 3 ડિસેમ્બર, 1984ના રોજ થયેલી ગેસ દુર્ઘટનામાં હજારો લોકોના મૃત્યુ થયા હતા.
- ભોપાલની યુનિયન કાર્બાઈડ (યુનિયન કાર્બાઈડ ઈન્ડિયા લિમિટેડ - UCIL) નામની જંતુનાશક દવાઓ બનાવતી કંપનીમાંથી મિથાઈલ આઈસોસાઈનેટ (MIC) નામનું ઝેરી રસાયણ લીક થવાથી આ દુર્ઘટના ઘટી હતી.
- આ દુર્ઘટનાને વિશ્વના ઈતિહાસની સૌથી મોટી ઔદ્યોગિક આપત્તિ માનવામાં આવે છે.
- આથી, ભારતમાં ઔદ્યોગિક આપત્તિના વ્યવસ્થાપન અને નિયંત્રણ તથા પ્રદૂષણ અંગે લોક જાગૃતિ કેળવવા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ GLOBAL DIPLOMACY INDEX 2019માં ભારત 12મા ક્રમે

Lowy Institute દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'ગ્લોબલ ડિપ્લોમસી ઈન્ડેક્સ 2019'માં કુલ 61 દેશોમાં ભારત 12મા ક્રમે છે.

- આ અગાઉ વર્ષ 2017માં પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં ભારત 13મા ક્રમે હતું.
- વર્ષ 2019ના આ ઈન્ડેક્સમાં ચીન પ્રથમ ક્રમે છે.
- ચીન બાદ અમેરિકા બીજા અને ફ્રાન્સ ત્રીજા ક્રમે છે.
- જ્યારે ભૂટાન આ ઈન્ડેક્સમાં અંતિમ 61મા ક્રમે છે.



**Global Diplomacy Index 2019 Rank**

| Rank | Country |
|---|---|
| 1 | ચીન |
| 2 | અમેરિકા |
| 3 | ફ્રાન્સ |
| 12 | ભારત |
| 61 | ભૂટાન |

**નોંધ :** (1) આ ઈન્ડેક્સ અંતર્ગત વિશ્વના વિવિધ દેશોમાં આવેલા દૂતાવાસ અને રાજદૂતોની સૌથી વધુ સંખ્યાને આધારે રેન્ક આપવામાં આવે છે.

(2) આ ઈન્ડેક્સમાં વર્ષ 2017માં અમેરિકા પ્રથમ ક્રમે હતું. અને અમેરિકા બાદ ચીન બીજા અને ફ્રાન્સ ત્રીજા ક્રમે હતું.

(3) Lowy Instituteનું હેડક્વાર્ટર ઓસ્ટ્રેલિયાના સીડની ખાતે આવેલું છે.

## ICE ? Questions

1. ભારતમાં રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણ દિન તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 1 ડિસેમ્બર (B) 2 ડિસેમ્બર (C) 3 ડિસેમ્બર (D) 4 ડિસેમ્બર **(B)**

2. ભારતમાં કઈ ઘટનાની યાદમાં દર વર્ષે 2 ડિસેમ્બરના રોજ રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણ દિનની ઉજવણી કરવામાં આવે છે ?
(A) પતરાલૂ પરમાણુ દુર્ઘટના (B) આસામ ગેસ દુર્ઘટના
(C) સુએજ પરમાણુ દુર્ઘટના (D) ભોપાલ ગેસ દુર્ઘટના **(D)**

3. ભારતમાં ભોપાલ ગેસ દુર્ઘટના કયારે ઘટી હતી ?
(A) 2-3 ડિસેમ્બર, 1983 (B) 2-3 ડિસેમ્બર, 1984
(C) 2-3 ડિસેમ્બર, 1985 (D) 2-3 ડિસેમ્બર, 1986 **(B)**

4. ભારતમાં 2-3 ડિસેમ્બર 1984ના રોજ મધ્યપ્રદેશના ભોપાલ ખાતે આવેલી કઈ કંપનીમાં ઝેરી રસાયણ લીક થવાથી હજારો લોકોના મોત થયા હતા ?
(A) યૂનિયન કાર્બાઈડ ઈન્ડિયા લિમિટેડ (UCIL) (B) યૂનિયન કોપર ઈન્ડિયા લિમિટેડ (UCIL)
(C) યૂનિયન કોર્પોરેશન ઈન્ડિયા લિમિટેડ (UCIL) (D) યૂનિયન કાર્બોનાઈટ ઈન્ડિયા લિમિટેડ (UCIL) **(A)**

5. ભારતમાં 2-3 ડિસેમ્બર 1984ના રોજ મધ્યપ્રદેશના ભોપાલ ખાતે આવેલી યૂનિયન કાર્બાઈડ નામની કંપનીમાં કયું ઝેરી રસાયણ લીક થતા હજારો લોકોના મોત થયા હતા ?
(A) મિથેન પેરેનાઈટ (B) પ્રોપેન આઈસોસાઈનેટ
(C) કાર્બાઈડ આઈસોસાઈનેટ (D) મિથાઈલ આઈસોસાઈનેટ **(D)**

6. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'ગુલામી નાબૂદીના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 1 ડિસેમ્બર (B) 2 ડિસેમ્બર (C) 3 ડિસેમ્બર (D) 4 ડિસેમ્બર **(B)**

7. લોવી ઈન્સ્ટિટયૂટ દ્વારા પ્રસિદ્ધ થયેલા 'ગ્લોબલ ડિપ્લોમસી ઈન્ડેક્સ 2019'માં ભારત કયા ક્રમે છે ?
(A) 12મા (B) 18મા (C) 32મા (D) 42મા **(A)**

8. 'ગ્લોબલ ડિપ્લોમસી ઈન્ડેક્સ 2019'માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
(A) અમેરિકા (B) ચીન (C) ફ્રાન્સ (D) જાપાન **(B)**

9. 'ગ્લોબલ ડિપ્લોમસી ઈન્ડેક્સ 2019'માં અંતિમ 61મા ક્રમે કયો દેશ છે ?
(A) પાકિસ્તાન (B) નેપાળ (C) બાંગ્લાદેશ (D) ભૂટાન **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 3 DECEMBER, 2019 TUESDAY

### ➤ દિવસ મહિમા : 3 ડિસેમ્બર, વિશ્વ વિકલાંગ દિન
### (International Day of Persons with Disabilities)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે <u>3 ડિસેમ્બર</u>ના રોજ <u>'વિશ્વ વિકલાંગ દિવસ'</u>ની ઉજવણી કરવામાં આવે છે.




- આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ શારીરિક તથા માનસિક રીતે અક્ષમ વ્યક્તિઓ પ્રત્યેના સમાજના વલણમાં બદલાવ લાવવાનો છે.
- <u>સંયુક્ત રાષ્ટ્ર</u> દ્વારા <u>1992</u>થી આ દિવસ ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી.
- વર્ષ <u>2019</u>ની વિશ્વ વિકલાંગ દિવસની થીમ <u>'Promoting the Participation of Persons with Disabilities and their leadership : taking action on the 2030 Development Agenda'</u> છે.

સાવધાન નવયુવાનો, જાગવા એલાન છે
કોન્સ્ટેબલ થવા શૂરવીરોને ICEનું આહવાન છે...

પોલીસ કોન્સ્ટેબલ
આક્રમક તૈયારી

નવી બેચ શરૂ



નવી બેચ શરૂ
બપોર : 1 થી 3

10% DISCOUNT
વહેલા તે પહેલાના ધોરણે

ગુજરાત પોલીસની ભરતીઓમાં 1154થી વધુ સફળ ઉમેદવારો પસંદગી પામતા

કાયદાની અસંખ્ય કલમોમાંથી પરીક્ષાલક્ષી કલમોની સચોટ પસંદગી અને જટિલ જોગવાઈઓ સદાય યાદ રહી જાય તેવી સરળ સમજણ આપતું શિક્ષણ

ગણિત અને રીઝનીંગના આંટીઘૂંટીયુક્ત પ્રશ્નોની એકડે-એકથી સુગમ-સરળ સમજુતી

પોલીસ ભરતીના નિષ્ણાત ફેકલ્ટીઓની વિશાળ ટીમ
નિશ્ચિત સફળતાની હાઈટેક વ્યુહરચના

32+ Weekly Test
MEGA TEST SERIES ON OMR SHEET

સંભવિત પ્રશ્નપત્રની OMR પેપર પ્રેકટિસ અને ટુ ધી પોઈન્ટ એડવાન્સ લેવલ મટીરિયલ

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
93757-01110
93280-01110
સદગુરૂ કોમ્પલેક્ષ, કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે
રાજકોટ

## ➤ ભારત અને શ્રીલંકાની સેના વચ્ચે 'મિત્ર શક્તિ-7' યુદ્ધ અભ્યાસનું આયોજન




ભારત અને શ્રીલંકાની સેના વચ્ચે ડિસેમ્બર 2019 દરમિયાન સાતમા 'મિત્ર શક્તિ' યુદ્ધ અભ્યાસનું આયોજન થયું છે.

- ભારતમાં મહારાષ્ટ્રના પૂણે ખાતે આ યુદ્ધ અભ્યાસ યોજાશે.
- આ યુદ્ધ અભ્યાસમાં ભારત અને શ્રીલંકાની સેનાના સૈનિકો ભાગ લેશે અને પોતાના અનુભવો તથા વિશેષતા એકબીજાને શેર કરશે.
- ભારત અને શ્રીલંકા વચ્ચે 'મિત્ર શક્તિ' યુદ્ધ અભ્યાસનો પ્રારંભ 2012થી થયો હતો.

### ICE ? Questions

1. 'વિશ્વ વિકલાંગ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 1 ડિસેમ્બર (B) 2 ડિસેમ્બર (C) 3 ડિસેમ્બર (D) 4 ડિસેમ્બર **(C)**

2. વર્ષ 2019ના 'વિશ્વ વિકલાંગ દિવસ'ની થીમ શું છે ?
   (A) Promoting the Participation of Persons with Disabilities and their leadership : taking action on the 2022 Development Agenda
   (B) Promoting the Participation of Persons with Disabilities and their leadership : taking action on the 2025 Development Agenda
   (C) Promoting the Participation of Persons with Disabilities and their leadership : taking action on the 2030 Development Agenda
   (D) Promoting the Participation of Persons with Disabilities and their leadership : taking action on the 2035 Development Agenda **(C)**

3. ડિસેમ્બર 2019 દરમિયાન ભારત અને કયા દેશની સેના વચ્ચે 'મિત્ર શક્તિ-7' યુદ્ધ અભ્યાસનું આયોજન થયું હતું ?
   (A) શ્રીલંકા (B) નેપાળ (C) મ્યાનમાર (D) બાંગ્લાદેશ **(A)**

4. ભારત અને શ્રીલંકાની સેના વચ્ચે 'મિત્ર શક્તિ-7' યુદ્ધ અભ્યાસનું કયાં આયોજન થયું હતું ?
   (A) પૂણે (B) મૈસુર (C) બેંગાલુરુ (D) રાંચી **(A)**

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 4 DECEMBER, 2019 WEDNESDAY

## ➤ દિવસ મહિમા : 4 ડિસેમ્બર, રાષ્ટ્રીય નૌસેના દિન

ભારતમાં નૌકાદળની સિદ્ધિઓની યાદમાં દર વર્ષે 4 ડિસેમ્બરના રોજ 'રાષ્ટ્રીય નૌસેના દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 1971ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન 4 ડિસેમ્બર, 1971ના રોજ ભારતીય નૌકાદળની મિસાઈલ બોટ દ્વારા પાકિસ્તાનના કરાચી બંદર પર કરવામાં આવેલા શક્તિશાળી હુમલાની યાદમાં તથા આ યુદ્ધના તમામ શહીદોના માનમાં ભારતમાં 4 ડિસેમ્બરના રોજ 'રાષ્ટ્રીય નૌસેના દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

**નોંધ :**(1) ભારતમાં અંગ્રેજો દ્વારા 1612માં ભારતીય નૌસેનાની સ્થાપના કરવામાં આવી હતી.

(2) ભારતમાં જહાજ બાંધવાનો ઉદ્યોગ પોર્ટુગીઝોએ વિકસાવ્યો હતો.

(3) ભારતમાં 17મી સદીમાં થઈ ગયેલા મરાઠા સમ્રાટ છત્રપતિ શિવાજી મહારાજ "ભારતીય નૌસેનાના પિતા" ગણાય છે.

(4) ભારતમાં તલવાર નામક જહાજ પરથી 1946માં અંગ્રેજો વિરુદ્ધ "નૌસેના વિદ્રોહ" થયો હતો. જે સરદાર વલ્લભભાઈ પટેલની મધ્યસ્થીથી શાંત થયો હતો.

## ➤ ભારત અને ચીનની સેના વચ્ચે 'Hand-In-Hand 2019' યુદ્ધ અભ્યાસ યોજાશે

7થી 20 ડિસેમ્બર 2019 દરમિયાન ભારત અને ચીનની સેના વચ્ચે 'હેન્ડ-ઈન-હેન્ડ 2019' નામથી એક યુદ્ધ અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું છે.

- ભારત અને ચીનની સેના વચ્ચે યોજાનાર આ 8મો 'હેન્ડ-ઈન-હેન્ડ' યુદ્ધ અભ્યાસ હશે.
- ભારતના મેઘાલયના ઉમરોઈમાં આ યુદ્ધ અભ્યાસ યોજાશે.
- આ યુદ્ધ અભ્યાસમાં ચીન તરફથી તિબેટ સૈન્ય કમાનના 130 જવાન અને ભારત તરફથી પણ એટલા જ સૈન્ય જવાન ભાગ લેશે.
- આતંકવાદનો મુકાબલો અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એમ મુખ્ય બે બાબતો અંગે આ યુદ્ધ અભ્યાસ યોજાશે.

## ➤ ભારત અને નેપાળની સેના વચ્ચે સૈન્ય અભ્યાસ 'સૂર્ય કિરણ-14'નો પ્રારંભ



3 ડિસેમ્બર, 2019ના રોજ ભારત અને નેપાળની સેના વચ્ચે 'સૂર્ય કિરણ' નામથી એક યુદ્ધ અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું છે.

- ભારત અને નેપાળની સેના વચ્ચે યોજાઈ રહેલો આ 14મો 'સૂર્ય કિરણ' સૈન્ય અભ્યાસ છે.
- નેપાળના રૂપન્દેહી જિલ્લાના સલિઝંડી ખાતે આવેલી 'નેપાળ આર્મી બેટલ સ્કૂલ' (NABS)માં આ સૈન્ય અભ્યાસનો પ્રારંભ થયો છે.
- આ યુદ્ધ અભ્યાસ અંતર્ગત જંગલ અને પહાડી વિસ્તારોમાં વિદ્રોહી પ્રવૃત્તિઓનો સામનો કરવો અને આતંકવાદ વિરોધી કામગીરી અંગે અભ્યાસ કરવામાં આવશે.

## ➤ 'SPG (સંશોધન) બિલ, 2019' ભારતની સંસદમાં પસાર



'Special Protection Group (સંશોધન) બિલ, 2019' લોકસભા બાદ હવે ભારતની રાજ્યસભામાં પણ પસાર થઈ ગયું છે.

- કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે ભારતીય સંસદના બંને ગૃહો લોકસભા અને રાજ્યસભામાં આ બિલ રજૂ કર્યું હતું.
- આ બિલ દ્વારા SPG એક્ટ 1988માં 5મી વખત સંશોધન કરવામાં આવી રહ્યું છે.

## બિલની મહત્ત્વની જોગવાઈ

આ બિલમાં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર ભારતમાં SPG સુરક્ષા હવે ફક્ત **વડાપ્રધાનશ્રી અને તેમના પરિવાર**ને જ મળશે. જેની વિગત આ પ્રમાણે છે :

(1) ભારતના વર્તમાન વડાપ્રધાન અને તેમની સાથે **સરકારી નિવાસસ્થાને** રહેતા તેમના પરિવાર જનોને જ આ સુરક્ષા મળશે.

(2) ભારતના પૂર્વ વડાપ્રધાન અને તેમની સાથે **સરકારી નિવાસસ્થાને રહેતા** તેમના પરિવાર જનોને પણ આ સુરક્ષા મળશે. પરંતુ ભારતના પૂર્વ વડાપ્રધાનને તેમનો હોદ્દો છોડ્યાની તારીખથી ફક્ત **5 વર્ષ** સુધી જ આ સુરક્ષા મળશે.

## SPG

**SPG**નું પૂરું નામ **Special Protection Group (વિશેષ સુરક્ષા દળ)** છે.

- ભારતના પ્રથમ અને એકમાત્ર મહિલા વડાપ્રધાન શ્રીમતી ઈન્દીરા ગાંધીની હત્યા બાદ **30 માર્ચ, 1985**ના રોજ ભારતના વડાપ્રધાન અને તેમના પરિવારની સુરક્ષા માટે આ દળની સ્થાપના કરવામાં આવી હતી.
- ભારતની સંસદ દ્વારા પસાર કરવામાં આવેલા **SPG Act 1988** દ્વારા આ દળનું સંચાલન કરવામાં આવે છે.
- હાલ આ દળમાં કાર્યરત જવાનોની સંખ્યા **3000** જેટલી છે.
- SPGના આ 3000 જવાનોમાં ભારતના વિવિધ પોલીસ દળના જવાનો તથા NSG કમાન્ડો સહિત વિવિધ સુરક્ષા એજન્સીઓમાંથી પસંદ કરવામાં આવેલા જવાનોનો સમાવેશ થાય છે.
- આ દળ **કેન્દ્ર સરકારના કેબિનેટ સચિવાલય** અંતર્ગત કાર્ય કરે છે.
- તેનું વડું મથક **નવી દિલ્હી** ખાતે આવેલું છે.

**નોંધ :** SPGનું આદર્શ વાક્ય **'શૌર્યમ્, સમર્પણમ્, સુરક્ષણમ્' (Bravery, Dedication, Security)** છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

1. ભારતમાં દર વર્ષે કયો દિવસ 'રાષ્ટ્રીય નૌસેના દિન' તરીકે ઉજવાય છે ?
(A) 1 ડિસેમ્બર (B) 2 ડિસેમ્બર (C) 3 ડિસેમ્બર (D) 4 ડિસેમ્બર — (D)

2. 4 ડિસેમ્બર, 1971ના રોજ ભારતીય નૌકાદળ દ્વારા પાકિસ્તાનના કયા બંદર પર કરવામાં આવેલા શક્તિશાળી હુમલાની યાદમાં ભારતમાં દર વર્ષે 4 ડિસેમ્બરના રોજ નૌસેના દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) ગ્વાદર (B) મુલતાન (C) કરાચી (D) ત્રણમાંથી કોઈ નહિ — (C)

3. ભારતમાં 'ભારતીય નૌસેનાના પિતા' તરીકે કોણ ઓળખાય છે ?
(A) લોર્ડ કોર્ન વોલિસ (B) લોર્ડ વિલિયમ બેન્ટિક
(C) શ્રી ટીપુ સુલતાન (D) છત્રપતિ શિવાજી મહારાજ — (D)

4. ભારત અને કયા દેશની સેના વચ્ચે 'હેન્ડ-ઈન-હેન્ડ' યુદ્ધ અભ્યાસ યોજાય છે ?
(A) ચીન (B) ફ્રાન્સ (C) ઓસ્ટ્રેલિયા (D) સિંગાપોર — (A)

5. ડિસેમ્બર 2019 દરમિયાન ભારત અને ચીનની સેના વચ્ચે 8મા 'હેન્ડ-ઈન-હેન્ડ' યુદ્ધ અભ્યાસનું કયાં આયોજન થયું છે ?
(A) ઉમરોઈ, મણિપુર (B) ઉમરોઈ, મિઝોરમ
(C) ઉમરોઈ, મેઘાલય (D) ગ્વાંગ ઝુ, ચીન — (C)

6. ભારત અને કયા દેશની સેના વચ્ચે 'સૂર્ય કિરણ' નામનો યુદ્ધ અભ્યાસ યોજાય છે ?
(A) નેપાળ (B) મ્યાનમાર (C) બાંગ્લાદેશ (D) ભૂટાન — (A)

7. ડિસેમ્બર, 2019 દરમિયાન ભારત અને નેપાળની સેના વચ્ચે 14મો 'સૂર્ય કિરણ' યુદ્ધ અભ્યાસ ક્યાં યોજાયો છે?
(A) પૂણે, મહારાષ્ટ્ર (B) બેંગાલુરુ, કર્ણાટક
(C) લદાખ (D) સલિઝંડી, જિ. રૂપન્દેહી (નેપાળ) — (D)

8. SPG (સંશોધન) બિલ, 2019 દ્વારા ભારતમાં કયા એક્ટમાં સુધારો કરવામાં આવ્યો છે ?
(A) SPG એક્ટ 1980 (B) SPG એક્ટ 1985
(C) SPG એક્ટ 1988 (D) SPG એક્ટ 1990 — (C)

9. SPG (સંશોધન) બિલ, 2019 દ્વારા ભારતમાં SPG એક્ટ 1988માં કેટલામી વખત સંશોધન કરવામાં આવ્યું છે ?
(A) ત્રીજી (B) ચોથી (C) પાંચમી (D) સાતમી — (C)

10. SPG (સંશોધન) બિલ, 2019ની જોગવાઈ અનુસાર ભારતમાં હવે પૂર્વ વડાપ્રધાનને હોદ્દો છોડ્યા બાદ કેટલા વર્ષ સુધી SPG સુરક્ષા મળશે ?
(A) 2 વર્ષ (B) 5 વર્ષ (C) 10 વર્ષ (D) આજીવન — (B)

11. SPGનું પૂરું નામ શું છે ?
(A) Special Protection Group (B) Specific Protection Group
(C) Specialised Protection Group (D) Specialist Protection Group — (A)

ICE® FOR COMPETITIVE EXAMS

## 5 DECEMBER, 2019 THURSDAY

➤ **દિવસ મહિમા : 5 ડિસેમ્બર,** (1) વિશ્વ મૃદા દિન (World Soil Day)
(2) આર્થિક અને સામાજિક વિકાસ માટે આંતરરાષ્ટ્રીય સ્વયંસેવક દિવસ (International Volunteer Day for Economic and Social Development)

## ➤ મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશન FSSAI દ્વારા પ્રમાણપત્ર મેળવનાર ભારતનું પ્રથમ 'ઈટ રાઈટ સ્ટેશન' બન્યું




તાજેતરમાં FSSAI દ્વારા ભારતમાં મહારાષ્ટ્રના મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશનને 4 સ્ટાર્સ રેટિંગ સાથે 'ઈટ રાઈટ સ્ટેશન' પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે.

- આ સાથે જ મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન FSSAI દ્વારા પ્રમાણપત્ર મેળવનાર ભારતનું પ્રથમ 'ઈટ રાઈટ સ્ટેશન' બની ગયું છે.
- ભારતમાં યાત્રીઓને સ્વસ્થ અને યોગ્ય આહાર મળી રહે તે માટે ભારતીય રેલવે દ્વારા 'ઈટ રાઈટ સ્ટેશન' અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું.
- FSSAI દ્વારા ભારતમાં વર્ષ 2018માં 'ઈટ રાઈટ ઈન્ડિયા' અભિયાન લોન્ચ કરવામાં આવ્યું હતું.

- આથી, 'ઈટ રાઈટ ઈન્ડિયા' અભિયાનના ભાગ રૂપે ભારતીય રેલવે દ્વારા 'ઈટ રાઈટ સ્ટેશન' અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું.
- ભારતીય રેલવેના આ 'ઈટ રાઈટ સ્ટેશન' અભિયાન અંતર્ગત મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનને આ પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે.

### FSSAI

FSSAIનું પૂરું નામ Food Safety and Standards Authority of India છે.

- ભારતમાં Food Safety (ખાદ્ય સુરક્ષા)ની દેખરેખ અને નિયમન માટે Food Safety and Standards Act, 2006 અંતર્ગત ઓગસ્ટ 2011માં આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.
- તેનું વડું મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
- ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અંતર્ગત આ સંસ્થા કાર્ય કરે છે.

## ➤ શ્રી લિયોનેલ મેસ્સીને રેકોર્ડ છઠ્ઠી વખત બાલોન ડી' ઓર (Ballon d' or) એવોર્ડ 2019 એનાયત



બાલોન ડી' ઓર એ ફૂટબોલની રમતનો અત્યંત પ્રતિષ્ઠિત એવોર્ડ છે.

- દર વર્ષે વિશ્વના શ્રેષ્ઠ ફૂટબોલરને ફ્રાન્સ ફૂટબોલ તરફથી આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.
- આ અંતર્ગત ડિસેમ્બર, 2019 દરમિયાન વર્ષ 2019ના બાલોન ડી' ઓર એવોર્ડ એનાયત કરવા માટે ફ્રાન્સના પેરિસ ખાતે એક સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ સમારોહમાં આર્જેન્ટિનાના પ્રસિદ્ધ ફૂટબોલર શ્રી લિયોનેલ મેસ્સીને વર્ષ 2019નો બાલોન ડી' ઓર એવોર્ડ એનાયત થયો છે.
- આ સાથે જ શ્રી લિયોનેલ મેસ્સી સૌથી વધુ 6 વખત આ એવોર્ડ જીતનાર વિશ્વના પ્રથમ ખેલાડી બની ગયા છે.
- આર્જેન્ટિનાના પ્રસિદ્ધ ફૂટબોલર શ્રી લિયોનેલ મેસ્સી આર્જેન્ટિનાની નેશનલ ટીમ તથા સ્પેનની ફૂટબોલ ક્લબ બાર્સેલોનાના કેપ્ટન છે.
- જ્યારે અમેરિકાના મહિલા ખેલાડી સુશ્રી મેગન રેપિનોને મહિલાઓ માટેનો વર્ષ 2019નો બાલોન ડી' ઓર એવોર્ડ એનાયત થયો છે.
- આ ઉપરાંત વર્ષના શ્રેષ્ઠ પુરુષ અંડર -21 ફૂટબોલર માટેની કોપા ટ્રોફી નેધરલેન્ડના યુવા ફૂટબોલર શ્રી મેથિજસ દ લાઈટને એનાયત થઈ છે.
- જ્યારે વર્ષના શ્રેષ્ઠ ગોલકીપર માટેની યાશિન ટ્રોફી માટે બ્રાઝિલના ગોલકીપર શ્રી એલિસનની પસંદગી કરવામાં આવી છે.

## બાલોન ડી' ઓર એવોર્ડ 2019 વિજેતા

| ક્રમ | એવોર્ડનું નામ | વિજેતા | દેશ |
|---|---|---|---|
| 1 | બાલોન ડી' ઓર | શ્રી લિયોનેલ મેસ્સી | આર્જેન્ટિના |
| 2 | બાલોન ડી' ઓર ફીમેલ | સુશ્રી મેગન રેપિનો | અમેરિકા |
| 3 | કોપા ટ્રોફી | શ્રી મેથિજસ દ લાઈટ | નેધરલેન્ડ |
| 4 | યાશિન ટ્રોફી | શ્રી એલિસન | બ્રાઝિલ |

## ICE Questions

1. 'વિશ્વ મૃદા દિન' અથવા 'World Soil Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 3 ડિસેમ્બર (B) 4 ડિસેમ્બર (C) 5 ડિસેમ્બર (D) 6 ડિસેમ્બર **(C)**

2. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'આર્થિક અને સામાજિક વિકાસ માટે આંતરરાષ્ટ્રીય સ્વયંસેવક દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 3 ડિસેમ્બર (B) 4 ડિસેમ્બર (C) 5 ડિસેમ્બર (D) 6 ડિસેમ્બર **(C)**

3. FSSAI દ્વારા પ્રમાણપત્ર મેળવનાર ભારતનું પ્રથમ 'ઈટ રાઈટ' રેલવે સ્ટેશન કયું છે ?
(A) મુંબઈ નોર્થ (B) મુંબઈ સાઉથ (C) મુંબઈ વેસ્ટ (D) મુંબઈ સેન્ટ્રલ **(D)**

4. FSSAI દ્વારા મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશનને કેટલા રેટિંગ સાથેનું 'ઈટ રાઈટ સ્ટેશન'નું સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે ?
(A) 5 સ્ટાર્સ (B) 4 સ્ટાર્સ (C) 3 સ્ટાર્સ (D) A-1 પ્લસ **(B)**

5. FSSAIનું પૂરું નામ શું છે ?
(A) Food Safety and Standards Authority of India
(B) Food Safety and Secutiry Authority of India
(C) Food Safety and Secure Authority of India
(D) Food Safety and State Authority of India **(A)**

6. 'બાલોન ડી' ઓર 2019' એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ?
(A) શ્રી ક્રિસ્ટિયાનો રોનાલ્ડો (B) શ્રી લિયોનેલ મેસ્સી
(C) શ્રી કેલિયન એમ્બાપ્પે (D) શ્રી લુકા મોડ્રીક **(B)**

7. સૌથી વધુ 6 વખત 'બાલોન ડી' ઓર' એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ?
(A) શ્રી ક્રિસ્ટિયાનો રોનાલ્ડો (B) શ્રી લિયોનેલ મેસ્સી
(C) શ્રી કેલિયન એમ્બાપ્પે (D) શ્રી લુકા મોડ્રીક **(B)**

8. શ્રી લિયોનેલ મેસ્સી કયા દેશના પ્રસિદ્ધ ફૂટબોલ ખેલાડી છે ?
(A) આર્જેન્ટિના (B) નેધરલેન્ડ (C) જર્મની (D) ફ્રાન્સ **(A)**

9. શ્રી લિયોનેલ મેસ્સી કઈ ફૂટબોલ ક્લબના કેપ્ટન છે ?
(A) લિવરપૂલ (B) બાર્સેલોના (C) આર્સેનલ (D) માન્ચેસ્ટર **(B)**

10. વર્ષ 2019નો બાલોન ડી' ઓર વિમેન્સ એવોર્ડ વિજેતા મહિલા ખેલાડી કોણ છે ?
(A) સુશ્રી એડા હેગરબર્ગ (B) સુશ્રી એલેક્સ મોર્ગન
(C) સુશ્રી મેગન રેપિનો (D) સુશ્રી લુસી બ્રોન્ઝ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

**6 DECEMBER, 2019 FRIDAY**

## ➤ વિશ્વની સૌથી વધુ વેલ્યુએબલ કંપની 'આલ્ફાબેટ'ના CEO તરીકે શ્રી સુંદર પિચાઈની નિમણૂક



વિશ્વની સૌથી વધુ વેલ્યુએબલ કંપનીઓમાં સમાવેશ પામતી ગૂગલની પેરેન્ટ કંપની આલ્ફાબેટના CEO તરીકે ભારતીય મૂળના સોફ્ટવેર પ્રોફેશનલ શ્રી સુંદર પિચાઈની નિમણૂક કરવામાં આવી છે.

- શ્રી સુંદર પિચાઈ હાલ ગૂગલના CEO છે. ગૂગલના CEO તરીકે વર્ષ 2015માં તેમની નિમણૂક કરવામાં આવી હતી.
- હવે ગૂગલ ઉપરાંત આલ્ફાબેટના CEO તરીકે પણ શ્રી સુંદર પિચાઈની નિમણૂક કરવામાં આવી છે.
- ગૂગલના નવા CEO તરીકે શ્રી સુંદર પિચાઈએ શ્રી લેરી પેજનું સ્થાન લીધું છે.
- શ્રી સુંદર પિચાઈનું મૂળનામ શ્રી પિચાઈ સુંદરરાજન છે.
- 10 જૂન, 1972ના રોજ ભારતમાં તમિલનાડુના મદુરાઈ ખાતે તેમનો જન્મ થયો હતો.

**નોંધ :** (1) આલ્ફાબેટ તરીકે ઓળખાતી ગૂગલની પેરેન્ટ કંપનીનું વાસ્તવિક નામ Alphabet Inc. છે.

(2) Google તથા Alphabet Inc.નું વડું મથક Googleplex અમેરિકામાં કેલિફોર્નિયાના માઉન્ટેઈન વ્યુ ખાતે આવેલું છે.

(3) ગૂગલ તથા Alphabet Inc.ની સ્થાપના શ્રી લેરી પેજ અને શ્રી સર્ગે બ્રિને કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


ધોરણ- 12માં આપની ટકાવારી મુજબ
Special Discount
તમામ જૂના વિદ્યાર્થીઓને 50% Discount
50% Discount — 85% થી વધુને
20% Discount — 70% થી વધુને
15% Discount — 40% થી વધુને
2012 - 18
1237+ સફળ ઉમેદવાર

તલાટી / જુનિયર કલાર્ક
સિનિયર કલાર્ક /
મદદનીશ આદિજાતિ
વિકાસ અધિકારી વગેરે...
ગુજરાત સરકારની વર્ગ-3ની
તમામ ભરતીઓ માટે
MASTER BATCH
SPECIAL DISCOUNT
ફ્રી ટ્રાયલ લેક્ચર
10/12/19
Time : 4 To 6 pm
રાજકોટ

## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | ભારતીય મૂળના શ્રી સુંદર પિચાઈની ગૂગલની કઈ પેરેન્ટ કંપનીના CEO તરીકે નિમણૂક કરવામાં આવી છે?<br>(A) Alphabet Linc. (B) Alphabet Le. (C) Alphabet Air. (D) Alphabet Inc. | (D) |
| 2. | આલ્ફાબેટ ઈન્ક.ના નવા CEO તરીકે શ્રી સુંદર પિચાઈએ કોનું સ્થાન લીધું છે ?<br>(A) શ્રી લેરી પેજ (B) શ્રી સર્ગે બ્રિન (C) શ્રી માર્ક પોલ (D) શ્રી જ્હોન ડેવિડ | (A) |
| 3. | શ્રી સુંદર પિચાઈનું મૂળનામ શું છે ?<br>(A) શ્રી પિચાઈ સુંદર (B) શ્રી પિચાઈ સુંદરરેડ્ડી<br>(C) શ્રી પિચાઈ સુંદરરમણ (D) શ્રી પિચાઈ સુંદરરાજન | (D) |
| 4. | શ્રી સુંદર પિચાઈનો જન્મ ક્યાં થયો હતો ?<br>(A) મૈસૂર, કર્ણાટક (B) બેંગાલુરુ, કર્ણાટક<br>(C) તિરુવનંતપુરમ, કેરળ (D) મદુરાઈ, તમિલનાડુ | (D) |

## 7 DECEMBER, 2019 SATURDAY

### ➤ દિવસ મહિમા : 7 ડિસેમ્બર, (1) સશસ્ત્ર સેના ધ્વજ દિન
### (2) આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ

### ➤ ભારતે માલદીવને તટરક્ષક જહાજ 'કામયાબ' ગિફ્ટમાં આપ્યું



ડિસેમ્બર, 2019 દરમિયાન ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી** અને માલદીવના રાષ્ટ્રપતિ **શ્રી ઈબ્રાહિમ મોહમ્મદ સાલેહે** વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી **માલદીવ**માં અનેક વિકાસ યોજનાઓનું ઉદ્‌ઘાટન કર્યું છે.

- જેમાં ભારતે **માલદીવ**ને ગિફ્ટમાં આપેલા **તટરક્ષક જહાજ 'કામયાબ'**નો પણ સમાવેશ થાય છે.
- આ જહાજથી માલદીવને સમુદ્રની સુરક્ષામાં મદદ મળશે.
- તટરક્ષક જહાજ 'કામયાબ' ઉપરાંત માલદીવમાં –

(1) **Rupay Cardનું લોન્ચિંગ**
(2) **LED Lightsની મદદથી માલદીવના માલેમાં સ્ટ્રીટ લાઈટિંગ**
(3) **Fish Processing Plant** અને
(4) **ઉચ્ચ અસર ધરાવતા સમુદાય વિકાસ પ્રોજેક્ટો**નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

**નોંધ :** આ ઉપરાંત માલદીવના **હુલહુલમાલે** નામના ટાપુ પર ભારત દ્વારા **એક કેન્સર હોસ્પિટલ** અને **એક ક્રિકેટ સ્ટેડિયમ** બનાવવાનું કામ ચાલુ છે.

## ➤ ભારતના પ્રથમ કોર્પોરેટ Bond ETF 'BHARAT Bond ETF'ને કેબિનેટની મંજૂરી

ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની અધ્યક્ષતામાં મળેલી **આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ**ની બેઠકમાં **ભારત બોન્ડ ETF**ની રચના અને તેનો પ્રારંભ કરવાની મંજૂરી આપવામાં આવી છે.

- **BHARAT Bond ETF**નું પૂરું નામ **'Bharat Bond Exchange Traded Fund'** છે.
- ભારત બોન્ડ ETF એ ભારતના **પ્રથમ કોર્પોરેટ Bond ETF** હશે.
- આ Bond ETF દ્વારા ભારતમાં –

(1) Central Public Sector Undertakings (CPSUs)

(2) Central Public Sector Enterprises (CPSEs)

(3) Central Public Sector Financial Institutions (CPSIs)

- તથા **અન્ય સરકારી સંસ્થાઓ** માટે વધારાના નાણાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- આ બોન્ડની કિંમત પર યુનિટ **રૂ. 1000** હશે.
- તેની નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પરથી લે-વેચ થઈ શકશે.
- દરેક બોન્ડ નિશ્ચિત પાકતી મુદત ધરાવતા હશે. બોન્ડની આ મુદત **બે** પ્રકારની હશે : (1) **3 વર્ષ** અને (2) **10 વર્ષ**.
- આ બોન્ડથી લોકોને રોકાણનો નવો સુરક્ષિત વિકલ્પ મળશે.
- નાના રોકાણકારો ફક્ત રૂ. 1000થી પોતાનું રોકાણ કરી શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ 'દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ (કેન્દ્રશાસિત પ્રદેશોનું મર્જર) બિલ, 2019' સંસદમાં પસાર



ભારતના **બે કેન્દ્રશાસિત પ્રદેશો**ના વિલય અંગેનું **'દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ (કેન્દ્રશાસિત પ્રદેશોનું મર્જર) બિલ, 2019'** **લોકસભા** બાદ ભારતની **રાજ્યસભા**માં પણ પસાર કરવામાં આવ્યું છે.

- કેન્દ્રીય ગૃહ મંત્રી **શ્રી અમિત શાહે** 26 નવેમ્બર, 2019ના રોજ **લોકસભા**માં આ બિલ રજૂ કર્યું હતું.

### આ બિલની મહત્ત્વની જોગવાઈ

(1) બે કેન્દ્રશાસિત પ્રદેશો **(i) દાદરા અને નગર હવેલી** તથા **(ii) દમણ અને દીવ**ને મર્જ કરીને **એક નવા કેન્દ્રશાસિત પ્રદેશ**ની રચના કરવામાં આવશે.

(2) આ મર્જરથી રચાનાર નવા કેન્દ્રશાસિત પ્રદેશનું નામ **'દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ'** હશે.

(3) આ માટે ભારતીય બંધારણની **પ્રથમ અનુસૂચિ** અને ભારતીય બંધારણના **અનુચ્છેદ 240(1)**માં ફેરફાર કરવામાં આવશે. (ભારતીય બંધારણની **પહેલી અનુસૂચિ**માં વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો હેઠળ આવતા પ્રદેશોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જ્યારે ભારતીય બંધારણના **અનુચ્છેદ 240(1)**માં ભારતના રાષ્ટ્રપતિને દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ સહિતના કેટલાક કેન્દ્રશાસિત પ્રદેશો માટે નિયમો બનાવવાની મંજૂરી આપવામાં આવી છે.)

(4) **લોકપ્રતિનિધિત્વ અધિનિયમ 1950**ની **પહેલી અનુસૂચિ**માં દાદરા અને નગર હવેલી તેમજ દમણ અને દીવ એમ બંને કેન્દ્રશાસિત પ્રદેશોને **લોકસભાની 1-1 બેઠક** ફાળવવામાં આવી હતી. મર્જર બાદ નવા રચાનાર કેન્દ્રશાસિત પ્રદેશને **લોકસભાની 2 બેઠક** ફાળવવામાં આવશે. આ માટે **આ એક્ટની પહેલી અનુસૂચિ**માં સુધારો કરવામાં આવશે.

(5) મર્જર થનાર બંને કેન્દ્રશાસિત પ્રદેશોનું ન્યાયક્ષેત્ર અગાઉ **બોમ્બે હાઈકોર્ટ** હતું. મર્જર બાદ નવા રચાનાર કેન્દ્રશાસિત પ્રદેશનું ન્યાયક્ષેત્ર પણ **બોમ્બે હાઈકોર્ટ** જ રહેશે.

**નોંધ :** આ બિલને રાષ્ટ્રપતિની મંજૂરી મળ્યા બાદ **ભારતમાં કેન્દ્રશાસિત પ્રદેશો**ની કુલ સંખ્યા **9થી ઘટીને 8 થઈ જશે.**

## ICE Questions

1. ભારતમાં 'સશસ્ત્ર સેના ધ્વજ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 5 ડિસેમ્બર (B) 6 ડિસેમ્બર (C) 7 ડિસેમ્બર (D) 8 ડિસેમ્બર **(C)**

2. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 5 ડિસેમ્બર (B) 6 ડિસેમ્બર (C) 7 ડિસેમ્બર (D) 8 ડિસેમ્બર **(C)**

3. તાજેતરમાં ભારતે કયા દેશને એક તટરક્ષક જહાજ ગિફ્ટમાં આપ્યું છે ?
   (A) બાંગ્લાદેશ (B) મ્યાનમાર (C) શ્રીલંકા (D) માલદીવ **(D)**

4. ભારતે માલદીવને કયું તટરક્ષક જહાજ ગિફ્ટમાં આપ્યું છે ?
   (A) મંઝિલ (B) કામયાબ (C) કયામત (D) કાળચક્ર **(B)**

5. કેન્દ્રીય મંત્રીમંડળે ભારતમાં કયા બોન્ડ ETFનો પ્રારંભ કરવા માટે મંજૂરી આપી છે ?
   (A) ભારત (B) ઈન્ડિયન (C) હિંદ (D) હિન્દુસ્તાન **(A)**

6. ભારતના પ્રથમ કોર્પોરેટ બોન્ડ ETFનું નામ શું છે ?
   (A) ગોલ્ડ (B) ડાયમન્ડ (C) રૂપે (D) ભારત **(D)**

7. BHARAT Bond ETFમાં ETFનું પૂરું નામ શું છે ?
   (A) Electronic Traded Fund (B) Exchange Traded Fund
   (C) Extra Traded Fund (D) Excel Traded Fund **(B)**

8. 'ભારત બોન્ડ ETF'ની પર યુનિટ કિંમત કેટલી હશે ?
   (A) રૂ. 500 (B) રૂ. 1000 (C) રૂ. 2000 (D) રૂ. 5000 **(B)**

9. 'દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ (કેન્દ્રશાસિત પ્રદેશોનું મર્જર) બિલ, 2019' અંતર્ગત ભારતમાં નીચેનામાંથી શેમાં સુધારો કરવામાં આવશે ?
   (A) ભારતના બંધારણની પ્રથમ અનુસૂચિમાં
   (B) ભારતના બંધારણના અનુચ્છેદ 240(1)માં
   (C) લોકપ્રતિનિધિત્વ અધિનિયમ 1950ની પહેલી અનુસૂચિમાં
   (D) ઉપરોક્ત ત્રણેયમાં **(D)**

10. ભારતમાં દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના મર્જર બાદ નવા રચાનાર કેન્દ્રશાસિત પ્રદેશનું નામ શું હશે ?
   (A) દાદરા અને દમણ (B) નગર હવેલી અને દીવ
   (C) દાદરા અને દીવ (D) દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ભારતના ત્રણ શ્રેષ્ઠ પોલીસ સ્ટેશનોમાં ગુજરાતનું બાલાસિનોર પોલીસ સ્ટેશન બીજા ક્રમે

જોઈન્ટ ડાયરેક્ટર અને કોન્ફરન્સ સેક્રેટરી શ્રી, **IB, નવી દિલ્હી** દ્વારા વિવિધ માપદંડોને આધારે **ભારતના 3 શ્રેષ્ઠ પોલીસ સ્ટેશન**ની યાદી તૈયાર કરવામાં આવી છે. આ યાદીમાં ગુજરાતના **મહિસાગર** જિલ્લાનું **બાલાસિનોર પોલીસ સ્ટેશન બીજા ક્રમે** છે.

### ➤ IEM અંતર્ગત મૂડી રોકાણમાં સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ

**જાન્યુઆરીથી ઓક્ટોબર 2019** સુધીમાં ભારતમાં **IEM** એટલે કે **ઈન્ડસ્ટ્રીયલ એન્ટરપ્રેન્યોર્સ મેમોરેન્ડમ** અંતર્ગત ભારતમાં થયેલા કુલ મૂડી રોકાણમાં **ગુજરાતનો હિસ્સો 51થી વધુ** છે. આ સાથે જ જાન્યુઆરીથી ઓક્ટોબર 2019 સુધીમાં ભારતમાં IEM અંતર્ગત સૌથી વધુ મૂડી રોકાણ મેળવવામાં **ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ** રાજ્ય બની ગયું છે.

## ભારત

### ➤ ભારતની ઘરેલુ સૈયદ મુસ્તાકઅલી ટી-20 ટુર્નામેન્ટમાં તમિલનાડુને હરાવી કર્ણાટક ચેમ્પિયન

ભારતમાં યોજાયેલી ઘરઆંગણાની **ટી-20 ટુર્નામેન્ટ સૈયદ મુસ્તાકઅલી ટુર્નામેન્ટ**ની ફાઈનલ મેચમાં **તમિલનાડુ**ને પરાજય આપીને **કર્ણાટકે** આ ટુર્નામેન્ટ જીતી લીધી છે. આ સાથે જ **કર્ણાટક** વન-ડેની વિજય હજારે અને ટી-20ની સૈયદ મુસ્તાકઅલી એમ ઘરઆંગણાની આ બંને ટ્રોફી એક જ વર્ષમાં જીતનાર **પ્રથમ ટીમ** બની ગઈ છે. આ અગાઉ સપ્ટેમ્બર-ઓક્ટોબર 2019 દરમિયાન રમાયેલી **વિજય હજારે ટ્રોફી 2019-20** પણ **તમિલનાડુ**ને હરાવીને **કર્ણાટકે** જીતી લીધી હતી.

### ➤ S&P દ્વારા ભારતનું સોવરેન ક્રેડિટ રેટિંગ 'BBB-' યથાવત્ રાખવામાં આવ્યું

વિશ્વની પ્રસિદ્ધ રેટિંગ એજન્સી S&P દ્વારા તાજેતરમાં **'સ્થિર' (Stable) આઉટલુક** સાથે ભારતનું સોવરેન ક્રેડિટ રેટિંગ **'BBB-'** યથાવત્ રાખવામાં આવ્યું છે. S&P દ્વારા પ્રસિદ્ધ થયેલા આ રિપોર્ટમાં ભારતનો આર્થિક વિકાસ દર હાલ ધીમો પડ્યો હોવા છતાં લાંબાગાળે ભારતીય અર્થવ્યવસ્થાનો વિકાસ દર આકર્ષક રહેવાની આશા વ્યક્ત કરવામાં આવી છે.

## ➤ RBI દ્વારા નાણાકીય વર્ષ 2019-20 માટેનો ભારતના આર્થિક વિકાસ દરનો અંદાજ 6.10 ટકાથી ઘટાડીને 5 ટકા કરાયો

ડિસેમ્બર 2019 દરમિયાન RBIના ગવર્નર શ્રી શક્તિકાંત દાસની અધ્યક્ષતામાં મળેલી RBIની મોનિટરી પોલિસી કમિટીની બેઠકમાં Rapo Rateનો દર 5.15 ટકા યથાવત્ રાખવામાં આવ્યો છે. જ્યારે નાણાકીય વર્ષ 2019-20 માટેના ભારતનો આર્થિક વિકાસ દરનો અંદાજ અગાઉના 6.10 ટકાથી ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યો છે. આથી, RBIના આ અંદાજ અનુસાર નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો આર્થિક અથવા તો GDP વૃદ્ધિ દર 5 ટકા રહેવાની સંભાવના છે.

## ➤ સુશ્રી પ્રિયંકા ચોપરા યુનિસેફના ‘ડેની કેય માનવતાવાદી’ પુરસ્કારથી સન્માનિત

ભારતના પ્રસિદ્ધ અભિનેત્રી સુશ્રી પ્રિયંકા ચોપરાને અમેરિકાના ન્યુયોર્ક ખાતે યોજાયેલા એક સમારોહમાં યુનિસેફ દ્વારા ‘ડેની કેય માનવતાવાદી’ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. સુશ્રી પ્રિયંકા ચોપરા યુનિસેફ સાથે છેલ્લા 15 વર્ષથી ‘યુનિસેફના ગુડવિલ એમ્બેસેડર’ તરીકે જોડાયેલા છે. UNICEFનું પૂરું નામ United Nations International Children’s Emergency Fund છે.

### ICE Questions

- ભારતના ત્રણ શ્રેષ્ઠ પોલીસ સ્ટેશનમાં ગુજરાતનું કયું પોલીસ સ્ટેશન બીજા ક્રમે છે ? – બાલાસિનોર પોલીસ સ્ટેશન (જિ. મહિસાગર)
- IEM એટલે કે ઈન્ડસ્ટ્રીયલ એન્ટરપ્રેન્યોર્સ મેમોરેન્ડમ અંતર્ગત જાન્યુઆરીથી ઓક્ટોબર 2019 સુધીમાં ભારતમાં થયેલા મૂડી રોકાણમાં સૌથી વધુ મૂડી રોકાણની દષ્ટિએ ભારતનું ક્યું રાજ્ય પ્રથમ ક્રમે છે ? – ગુજરાત
- સૈયદ મુસ્તાકઅલી ટી-20 ટુર્નામેન્ટ 2019 વિજેતા ટીમનું નામ શું છે ? – કર્ણાટક
- વિજય હજારે ટ્રોફી 2019-20 વિજેતા ટીમનું નામ શું છે ? – કર્ણાટક
- S&P દ્વારા તાજેતરમાં ભારતનું ક્યું ક્રેડિટ રેટિંગ યથાવત્ રાખવામાં આવ્યું છે ? – BBB-
- S&P દ્વારા તાજેતરમાં કયા આઉટલુક સાથે ભારતનું ક્રેડિટ રેટિંગ BBB- યથાવત્ રાખવામાં આવ્યું છે ? – સ્થિર (Stable)
- ડિસેમ્બર 2019 દરમિયાન RBI દ્વારા નાણાકીય વર્ષ 2019-20 માટેના ભારતના આર્થિક વિકાસ દરનો અંદાજ 6.10 ટકાથી ઘટાડીને કેટલો કરવામાં આવ્યો છે ? – 5 ટકા
- ડિસેમ્બર 2019 દરમિયાન મળેલી RBIની મોનિટરી પોલિસી કમિટીની બેઠકમાં ભારતના રેપો રેટમાં કયો ફેરફાર કરવામાં આવ્યો છે ? – રેપો રેટનો દર 5.15 ટકા યથાવત્ રાખવામાં આવ્યો છે
- યુનિસેફનો ‘ડેની કેય માનવતાવાદી’ પુરસ્કાર વિજેતા ભારતીય અભિનેત્રી કોણ છે ? – સુશ્રી પ્રિયંકા ચોપરા
- યુનિસેફના ‘ગુડવિલ એમ્બેસેડર’ તરીકે કઈ ભારતીય અભિનેત્રી કાર્યરત છે ? – સુશ્રી પ્રિયંકા ચોપરા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# QUICK CURRENT

## QUESTIONS OF THIS WEEK

1. 30 નવેમ્બર, 2019ના રોજ શ્રી અનિલ મુકિમે ગુજરાતના કેટલામા મુખ્ય સચિવ તરીકે ચાર્જ સંભાળ્યો છે ?

– 29મા

2. ગુજરાત સરકાર દ્વારા 1 જાન્યુઆરી 2020થી પ્રતિ ક્વિન્ટલ કેટલા રૂપિયાના ટેકાના ભાવથી તુવેરની ખરીદી કરવામાં આવશે ? – રૂ. 5800

3. સ્વચ્છ અને અનલિમિટેડ ઉર્જા મેળવવા માટે કયા દેશના વૈજ્ઞાનિકોએ એવો દાવો કર્યો છે કે તેઓ 2020 સુધીમાં કૃત્રિમ સૂર્ય બનાવી લેશે ? – ચીન

(આ કૃત્રિમ સૂર્ય 10થી 20 કરોડ ડિગ્રી સેલ્સિયસ સુધી ગરમી આપવા સક્ષમ હશે. આ ઉપરાંત ચીન 2020 સુધીમાં કૃત્રિમ ચંદ્ર પણ બનાવી લેશે તેવી ચીનના વૈજ્ઞાનિકોને આશા છે.)

4. ડેવિસ કપમાં ભારતે કયા દેશને 4-0થી હરાવીને 2020 ક્વોલિફાયરમાં સ્થાન મેળવી લીધું છે ? – પાકિસ્તાન

5. તાજેતરમાં કઈ જગ્યાએ યોજાયેલી ડેવિસ કપની મેચમાં ભારતે પાકિસ્તાનને પરાજય આપ્યો હતો ?

– નૂરસુલ્તાન (કઝાખસ્તાન)

6. મારાકેચ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં સન્માનિત થનાર ભારતના પ્રથમ અભિનેત્રી કોણ છે ?

– સુશ્રી પ્રિયંકા ચોપરા

7. ગુજરાતમાં કઈ જગ્યાએ આવેલી સૂર્યા સૈનિક સ્કૂલના 702 બાળકોએ મડ બાથ કરીને ‘માસ મડ બાથ’નો એશિયા રેકોર્ડ સ્થાપ્યો છે ? – ખેરંચા (તા. ભિલોડા, જિ. અરવલ્લી)

(માસ મડ બાથ એ એક નેચરો થેરાપી છે. અગાઉ આ રેકોર્ડ ઉત્તરપ્રદેશના ગોરખપુરના 508 બાળકોના નામે હતો.)

8. ભારત સરકારના કયા વિભાગે વર્ષ 2020થી ભારતમાં સૌપ્રથમ વખત રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ એવોર્ડ શરૂ કરવાની જાહેરાત કરી છે ? – The Department for Promotion of Industry and Internal Trade (DPIIT)

9. 30 નવેમ્બર અને 1 ડિસેમ્બર 2019 દરમિયાન ભારતમાં જળ શક્તિ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ પર કેન્દ્રિત ‘એક ભારત શ્રેષ્ઠ ભારત’ સંમેલનનું આયોજન ક્યાં થયું હતું ? – જમ્મુ

10. ભારતમાં ‘BSF (Border Security Force) સ્થાપના દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 1 ડિસેમ્બર

(ભારતમાં 1 ડિસેમ્બર 1965ના રોજ BSFની સ્થાપના થઈ હતી. તેનું હેડક્વાર્ટર નવી દિલ્હી ખાતે આવેલું છે. અને તેનું આદર્શ વાક્ય ‘જીવન પર્યંત કર્તવ્ય’ છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

11. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના કયા શહેરમાં યોજાયેલા સમારોહમાં 168 જેટલા ગુજરાત પોલીસ દળના અધિકારીઓ-કર્મયોગીઓને વિશિષ્ટ અને પ્રશંસનીય સેવા માટે પોલીસ ચંદ્રક એનાયત કર્યા છે ? – અમદાવાદ

12. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જી અને ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં કઈ જગ્યાએ યોજાયેલા સમારોહમાં દેશભરના 21 બાળકોને ડો. એ. પી. જે. અબ્દુલ કલામ ઈગ્નાઈટ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે ? – ગાંધીનગર

(ગાંધીનગરની ગ્રામભારતી સંસ્થા અને નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.)

13. હજની સંપૂર્ણ પ્રક્રિયા ડિજિટલ કરનાર વિશ્વના પ્રથમ દેશનું નામ શું છે ? – ભારત

14. ગુજરાતના કયા શહેરમાં આવેલા થર્મલ પાવર સ્ટેશનના ભારતના સૌથી મોટા 2 કૂલિંગ ટાવરને બ્લાસ્ટ કરીને તોડી પાડવામાં આવ્યા છે ? – ગાંધીનગર

15. તાજેતરમાં રાજકોટ શહેર પોલીસની કઈ એપને રાષ્ટ્રીય સ્તરે 'સ્કોચ એવોર્ડ' એનાયત થયો છે ? – રાજકોટ સુરક્ષા કવચ

16. તાજેતરમાં ગુજરાતના કયા શહેર પોલીસની 'સુરક્ષા કવચ' એપને નવી દિલ્હી ખાતે 'સ્કોચ એવોર્ડ' માટે પસંદ કરવામાં આવી છે ? – રાજકોટ

17. BCCIની અંડર-23 ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં ગુજરાતને પરાજય આપીને કઈ ટીમે આ ટુર્નામેન્ટ જીતી લીધી છે ? – બંગાળ

18. કોચી નેવલ બેઝ પર ઓપરેશનલ ડ્યુટી જોઈન્ટ કરીને ભારતના પ્રથમ મહિલા નેવી પાયલટ કોણ બન્યું છે ? – સુશ્રી શિવાંગી સ્વરૂપ

19. ભારતના પ્રથમ મહિલા નેવી પાયલટ સબ લેફ્ટનન્ટ શિવાંગી સ્વરૂપ કયા રાજ્યના છે ? – બિહાર (મુઝફ્ફરપુર)

20. ભારતના શિપિંગ મંત્રાલયે તાજેતરમાં કઈ અંતર્દેશીય જળમાર્ગ યોજનાને મંજૂરી આપી છે ? – લોકટક અંતર્દેશીય જળમાર્ગ યોજના

21. લોકટક સરોવર ભારતના કયા રાજ્યમાં આવેલું છે ? – મણિપુર

22. 10થી 22 જાન્યુઆરી 2020 દરમિયાન ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ 2020 ક્યાં યોજાશે ? – ગુવાહાટી (આસામ)

23. મહારાષ્ટ્ર વિધાનસભાના નવા સ્પીકર તરીકે કોની પસંદગી કરવામાં આવી છે ? – શ્રી નાનાભાઉ પટોલે (કોંગ્રેસ)

24. 'ભારતીય અંગદાન દિવસ' દર વર્ષે ક્યારે ઉજવાય છે ? – 27 નવેમ્બર

25. 'વિશ્વ અંગદાન દિવસ' ક્યારે ઉજવાય છે ? – 13 ઓગસ્ટ

26. ભારતના નવા 24મા લેખા મહાનિયંત્રક અથવા તો 24મા Controller General of Accounts (CGA) તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – સુશ્રી સોમા રોય બર્મન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

27. તાજેતરમાં કિંગ કાર્લ 16મા ગુસ્તાફ ભારતની મુલાકાતે આવ્યા હતા...તેઓ કયા દેશના રાજા છે ? – સ્વીડન

28. યુરોપીયન આયોગ (European Commission)ના અધ્યક્ષ તરીકે તાજેતરમાં કોણે પદભાર સંભાળ્યો છે ?
– સુશ્રી ઉર્સુલા વોન ડેર લેયેન

29. ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુએ 'વિશ્વ દિવ્યાંગ દિન'ની ઉજવણી નિમિત્તે 'આંતરરાષ્ટ્રીય દિવ્યાંગજન દિવસ'નું નામ બદલીને કયું નવું નામ રાખવાનું જણાવ્યું હતું ?
– 'આંતરરાષ્ટ્રીય વિશેષ યોગ્યજન દિવસ'

30. ભારતમાં રાજકીય પક્ષોની નોંધણી માટે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા 1 જાન્યુઆરી 2020થી કઈ ઓનલાઈન સિસ્ટમ અમલમાં મૂકવામાં આવશે ?
– Political Parties Registration Tracking Management System (PPRTMS)

31. ભારતમાં તમિલનાડુના 5 શહેરોને વિકસાવવા માટે ભારત સરકારે કઈ બેન્ક સાથે 206 મિલિયન ડોલરની ઋણ સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે ? – એશિયન ડેવલપમેન્ટ બેન્ક (ADB)

32. તાજેતરમાં કઈ કંપની દ્વારા વિશ્વનો સૌથી મોટો IPO લાવવામાં આવ્યો હતો ?
– Aramco અથવા Saudi Aramco (સાઉદી અરેબિયાની ઓઈલ કંપની)

33. હાલમાં જ લાવવામાં આવેલા IPOને કારણે એપલને પાછળ રાખીને કઈ કંપની વિશ્વની સૌથી મૂલ્યવાન લિસ્ટેડ કંપની બનશે ? – અરામ્કો અથવા સાઉદી અરામ્કો

34. ઈન્ટરનેશનલ હોકી ફેડરેશને જાહેર કરેલા 'હોકી પ્લેયર ઓફ ધ યર એવોર્ડ' માટે ભારત તરફથી કયા પ્લેયરને નોમિનેટ કરવામાં આવ્યા છે ? – શ્રી મનપ્રીત સિંઘ (ભારતીય હોકી ટીમના કેપ્ટન)

35. તાજેતરમાં વિશ્વના પ્રસિદ્ધ ફાસ્ટ બોલર શ્રી બોબ વિલીસનું નિધન થયું છે...તેઓ કયા દેશની ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન હતા ? – ઈંગ્લેન્ડ

36. 5 ડિસેમ્બર, 2019ના રોજ ભારતમાં નવા કાયદા અંતર્ગત સૌપ્રથમ વિજય માલ્યા બાદ હવે બીજા કયા વ્યક્તિને 'ભાગેડુ આર્થિક અપરાધી' જાહેર કરવામાં આવ્યા છે ?
– નીરવ મોદી (તેઓ પંજાબ નેશનલ બેન્કના આશરે રૂ. 14000 કરોડના કૌભાંડમાં સંડોવાયેલા છે.)

37. ગુજરાતમાં 'હોમગાર્ડ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 6 ડિસેમ્બર

38. તાજેતરમાં વિશ્વના કયા દેશમાં માત્ર 48 કલાકમાં જ આશરે 30 હજાર જેટલા પશુઓની બલિ ચઢાવવામાં આવી છે?
– નેપાળ

39. નેપાળના કયા મંદિરે દર પાંચ વર્ષે યોજાતા મેળામાં માત્ર 48 કલાકમાં જ 30 હજાર જેટલા પશુઓની બલિ ચઢાવવામાં આવી છે ? – દેવી ગઢિમાઈ મંદિર

40. સ્કોટલેન્ડનો 450 ફૂટ ઊંચો 'ઓલ્ડ મેન ઓફ હોય' પહાડ ચઢનાર વિશ્વના પ્રથમ બ્લાઈન્ડ ક્લાઈમ્બર કોણ બન્યું છે? – શ્રી જેસી ડફટન (બ્રિટન)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**41.** ફોર્બ્સ દ્વારા જાહેર થયેલી એશિયાના 30 સૌથી મોટા દાનવીરોની યાદીમાં પ્રથમ ક્રમે ભારતના કયા ઉદ્યોગપતિ છે ?

– શ્રી અઝીમ પ્રેમજી

**42.** અમેરિકાના મિયામીમાં રજૂ કરવામાં આવેલી જમીન ઉપર દોડતી અને હવામાં ઉડતી વિશ્વની સંભવતઃ પ્રથમ કારનું નામ શું છે ? – PAL-V Liberty

(નેધરલેન્ડની PAL-V એટલે કે Personal Air and Land Vehicle નામની કંપની દ્વારા હવામાં ઉડી શકે તેવી આ કારનું નિર્માણ કરવામાં આવ્યું છે.)

**43.** ડિસેમ્બર 2019 દરમિયાન કયા દેશમાં આવેલા એક સિરામિક કારખાનાના LPG ટેન્કરમાં ભિષણ વિસ્ફોટ થતા આશરે 18 જેટલા ભારતીયોના મૃત્યુ થયા છે ? – સુદાન

**44.** ઘરબેઠા જ વિક્રમ લેન્ડરનો કાટમાળ શોધવાનો દાવો કરનાર ચેન્નાઈના એન્જિનિયરનું નામ શું છે ?

– શ્રી શનમુગ સુબ્રમણયમ

**45.** State Disaster Response Fund (SDRF) અંતર્ગત વર્ષ 2019-20 માટે કેન્દ્ર સરકાર દ્વારા ભારતના કયા બે રાજ્યોના ચક્રવાત તથા કુદરતી આફતથી પ્રભાવિત વિસ્તારો માટે અનુક્રમે રૂ. 414.90 કરોડ અને રૂ. 552 કરોડની સહાય આપવામાં આવી છે ? – પશ્ચિમ બંગાળ અને ઓડિશા

**46.** ભારતીય રેલવેમાં રણનીતિક યોજનાઓમાં સહયોગ માટે ભારત અને કયા દેશ વચ્ચે થયેલા Joint Declaration of Intent (JDI)ને કેન્દ્રીય કેબિનેટે મંજૂરી આપી છે ? – જર્મની

**47.** 5 ડિસેમ્બર 2019ના રોજ ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે કઈ સેવા માટે દેશના 36 જેટલા કર્મયોગીઓને રાષ્ટ્રીય ફ્લોરેન્સ નાઈટિંગેલ પુરસ્કારથી સન્માનિત કર્યા છે ? – નર્સિંગ સેવા

**48.** ભારતમાં કોના દ્વારા થતી સેવાને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા 1973માં 'ફ્લોરેન્સ નાઈટિંગેલ પુરસ્કાર' શરૂ કરવામાં આવ્યો હતો ? – નર્સ

**49.** 5 ડિસેમ્બર 2019ના રોજ ભારતના 15મા નાણાપંચે કયા નાણાકીય વર્ષ માટેનો તેનો રિપોર્ટ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદને સોંપ્યો છે ? – વર્ષ 2020-21

**50.** 5 ડિસેમ્બર 2019ના રોજ ભારતના 15મા નાણાપંચે નાણાકીય વર્ષ 2020-21 માટેનો તેનો રિપોર્ટ કોને સોંપ્યો છે ?

– શ્રી રામનાથ કોવિંદ

**51.** ભારતમાં રોકાણકારોની જાગૃતિ માટે કઈ બેન્કના IEPFA (Investor Education & Protection Fund Authority) સાથે કરાર થયા છે ? – Bank of Baroda

**52.** ભારતમાં ગરમ હવાઓનો સામનો કરવા માટે National Disaster Management Authority (NDMA) દ્વારા કયા રાજ્યના સહયોગથી ડિસેમ્બર 2019 દરમિયાન 'લૂ 2020' અથવા તો 'Heat Wave 2020' નામના બે દિવસીય વર્કશોપનું આયોજન થયું હતું ? – કર્ણાટક

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

53. ડિસેમ્બર 2019 દરમિયાન ભારતના કયા શહેરમાં 'લૂ 2020' અથવા તો 'Heat Wave 2020' નામના વર્કશોપનું આયોજન થયું હતું ? – બેંગાલુરુ (કર્ણાટક)

54. ભારતમાં 50મી 'Fit India Plogging Run' માટે કોને પ્લોગિંગ એમ્બેસેડર (પ્લોગિંગ દૂત) બનાવવામાં આવ્યા છે? – શ્રી રિપુ દમન બેવલી

55. ભારતમાં પ્લોગિંગ રનની શરૂઆત કરનાર ભારતના પ્રથમ પ્લોગર કોણ હતા ? – શ્રી રિપુ દમન બેવલી

56. HAM પ્રોજેક્ટ અંતર્ગત નિર્માણ પામેલા ભારતના સેવરેજ સેક્ટરના પ્રથમ સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનો કયા પ્રારંભ થયો છે ? – સરાય, હરિદ્વાર (ઉત્તરાખંડ)

(14 MLDની ક્ષમતાના આ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન સ્વીડનના રાજા અને રાણીની ઉપસ્થિતિમાં ઉત્તરાખંડના મુખ્યમંત્રી અને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)
આજે જ JOIN કરો.



ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ALL TYPE OF COMPETITIVE EXAMS

- GPSC
- SBI
- PSI
- TALATI
- UPSC
- PO
- PI
- Dy. S.O.
- IBPS
- CLERK
- CONSTABLE
- Dy. MAMLATDAR

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.